
ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૨૫ ઓગસ્ટ ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!





## ઐતિહાસિક પરંપરા અને સામાજીક સંરચના જાળવતું પૌરાણીક ગામ

# ગાજણા

## મહીકાંઠાના છેવાડે વસેલું રાજવી વારસો ધરાવતું ગામ ગાગરેશ્વરથી 'ગાજણા' તરીકે પ્રચલિત બન્યું છે




**મહારાજા નાનાદુધાજીના વશંજ જોધાજીએ ગઢગાજણા ખાતે આવી સંવત્ ૧૪૮૦માં મહિડારાણાનાંરાજચિન્હધારણ કરી રાજગાદીની સ્થાપના કરી હતી**

બોરસદ તાલુકાના મહીકાંઠા પંથકના છેવાડે આવેલું ગાજણા ગામ માત્ર એક વસાહત નહીં, પરંતુ પૌરાણિક માન્યતાઓ, ધાર્મિક આસ્થા અને રાજવી ઇતિહાસની અનેક ગાથાઓને પોતાના હૃદયમાં સાચવીને બેઠેલું ગામ છે. ગામના નામની ઉત્પત્તિ અંગે પણ રસપ્રદ લોકવાયકા પ્રચલિત છે. સ્થાનિક વયોવૃદ્ધોના મંતવ્ય મુજબ આશરે છસો વર્ષ કરતાં વધુ સમય અગાઉ અહીં સ્થાપિત થયેલા અતિપ્રાચીન ગાગરેશ્વર મહાદેવ મંદિર પરથી ગામનું નામ સમયાંતરે લોકબોલીમાં અપભ્રંશ પામીને 'ગાગરેશ્વર'માંથી 'ગાજણા' થયું હોવાનું માનવામાં આવે છે. ગાજણા ગામના વસવાટ અંગે પ્રચલિત લોકવાયકા મુજબ નાપાની ગાદીના મહારાજા નાનાદુધાજીના બીજા પુત્ર જોધાજીને જીવાઈ પેટે ૨૭ ગામ મળ્યાં હોવાનું સ્થાનિક ઇતિહાસમાં જણાવાય છે. ત્યારબાદ તેઓ ગઢગાજણા ખાતે આવી સંવત્ ૧૪૮૦માં મહિડારાણાનાં રાજચિન્હ ધારણ કરી રાજગાદીની સ્થાપના કરી હોવાનું કહેવાય છે. ધોરાજીના શાસન તાબામાં તત્કાલીન સમયે ઝારોલા, બોચાસણ, ઉનેલી, રણોલી, વીરાસદ, દીવેલ, વિરોલ, ગંભીરા, કઠોલ, પીલોદરા, સાલોલ, જંત્રાલ, બનેજડા, ખાનપુર, બામણગામ, અમીયાદ, જાઝ, કાંધરોટી, કણભા, ગાજણા સહિત કુલ ૨૭ ગામોનો સમાવેશ થતો હોવાનું સ્થાનિક વડીલો જણાવે છે. જોધાજી નીતિમાન અને ધર્મનિષ્ઠ રાજવી તરીકે જાણીતા હતા તથા સર્વધર્મ પ્રત્યે આદરભાવ ધરાવતા હોવાની પણ લોકવાયકા છે.

ચરોતરના પ્રાચીન અને રાજગાદી ધરાવતા ગામોમાં ગાજણાનું આગવું સ્થાન હોવાનું સ્થાનિક લોકો માને છે. સમયની સાથે રાજગાદીનું અસ્તિત્વ ધૂંધળું બન્યું હોવા છતાં ગામની સામાજિક રચનામાં તેનો ઐતિહાસિક પડઘો આજે પણ જોવા મળે છે. હાલમાં ગામમાં મહીડા, જાદવ, પરમાર અને મકવાણા સહિતના ક્ષત્રિય સમાજનું વિશેષ પ્રભુત્વ છે. સાથે રબારી, પ્રજાપતિ, વાળંદ, હરિજન, વણકર, રોહિત સહિત વિવિધ સમાજના લોકો પણ ભાઈચારા સાથે વસવાટ કરે છે. આણંદ જિલ્લા મથકથી આશરે ૫૦ કિલોમીટર અને બોરસદ તાલુકા મથકથી લગભગ ૨૧ કિલોમીટર દૂર આવેલું ગાજણા આજે આધુનિક સમય સાથે કદમ મિલાવી રહ્યું છે. ગામમાં ગાગરેશ્વર મહાદેવની આસ્થા અને રાજવી ઇતિહાસની ગાથા ગાજણાને ચરોતરના અન્ય ગામોથી એક આગવી ઐતિહાસિક ઓળખ અપાવે છે.

## ગાજણા ગામમાં કૃષિ, સહકાર અને પરિશ્રમ થકી પાક ઉત્પાદનથી ખેડૂતો સમૃધ્ધ બની રહ્યા છે

ગાજણા ગામ કૃષિપ્રધાન જીવનશૈલી, સહકારની ભાવના અને ખેડૂતોના અથાગ પરિશ્રમ માટે ઓળખાય છે. ગામની આર્થિક ધરી મુખ્યત્વે ખેતી પર ટકી છે. ઉપજાઉ જમીન અને અનુકૂળ આબોહવાને કારણે અહીંના ખેડૂતો વર્ષભર વિવિધ અનાજ, રોકડિયા તથા બાગાયતી પાકોનું સફળ ઉત્પાદન કરીને આર્થિક સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યા છે. ગામમાં મુખ્યત્વે તમાકુ, ડાંગર, ઘઉં, બાજરી તેમજ વિવિધ શાકભાજીના પાકોનું મોટા પાયે વાવેતર થાય છે. ખાસ કરીને તમાકુ જેવા રોકડિયા પાક ખેડૂતોની આવકમાં મહત્વનું યોગદાન આપે છે. વરસાદી ઋતુ દરમિયાન કુદરતી જળસંચય અને ઉપલબ્ધ સિંચાઈના સાધનોના કારણે ખેતીને પૂરતો આધાર મળે છે, જેના પરિણામે ખેડૂતોને સારી ઉપજ પ્રાપ્ત થાય છે. ખેતીની સાથે પશુપાલન પણ ગામના અર્થતંત્રનો અભિન્ન ભાગ છે. અનેક પરિવારો ગાય-ભેંસનું પાલન કરીને દૂધ ઉત્પાદન દ્વારા વધારાની આવક મેળવે છે. આધુનિક કૃષિ સાધનો, વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ અને નવી ટેકનોલોજીના ઉપયોગથી ખેતી વધુ ઉત્પાદનક્ષમ બની રહી છે. શિક્ષણ, સહકારી સંસ્થાઓ અને પરસ્પર સહયોગની ભાવનાએ ગાજણાના વિકાસને નવી દિશા આપી છે. મહેનત, સહકાર અને કૃષિ પ્રત્યેની પ્રતિબદ્ધતાના બળે ખટનાલ ગામ આજે આત્મનિર્ભર ગ્રામ્ય વિકાસનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યું છે.

**આધુનિક કૃષિ સાધનો, વૈજ્ઞાનિકખેતીપદ્ધતિઓઅને નવી ટેકનોલોજીના ઉપયોગથી ખેતી વધુ ઉત્પાદનક્ષમ બની રહી છે**



## ગાજણા ટાઉન ટોક

### -: ગાજણા ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 513 |
| કુલ વસ્તી | 2773 |
| કુલ પુરૂષો | 1422 |
| કુલ સ્ત્રીઓ | 1351 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 94.74 |
| પુરૂષ સાક્ષરતા દર | 97.56 |
| સ્ત્રી સાક્ષરતા દર | 91.82 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 269 |
| ખેત મજૂર | 305 |
| સીમાંત વર્ગ | 688 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 282 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 426 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 2546 |
| ગાય | 769 |
| ભેંસ | 1755 |
| અન્ય | 22 |

### -: જમીન ક્ષેત્રફળ :-

1088 હેક્ટર 04 આરે 56 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 04 હેક્ટર 29 આરે 63 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 01 |
| માધ્યમિક શાળા | 00 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 290 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 700 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 781 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 05 |
| ખેતી વિષયક જોડાણ | 60 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 260 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 428 |
| BPL કાર્ડ ધારકો | 255 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 062 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 40 |
| વિધવા સહાય | 20 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 07 |